**૪૦ માં એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, અમદાવાદ શહેર.**

ક્રિ. કે. નં.૧૪૩૪૭૪/ ૨૦૨૪.
આંક :

ફરીયાદી :– સરકારશ્રી,

**વિરુધ્ધ**

આરોપી :– રાહુલ રાજુભાઈ રામસિંગભાઈ ઠાકોર,

**ઠરાવ**

(૧) ફરીયાદપક્ષના કેસની તપાસના અંગે પોલીસે આરોપી સામે ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ બજતાં આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને કેસ પેપર્સની નકલો આપી તહોમતનામું ફરમાવવામાં આવ્યું હતું. આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ સ્વૈચ્છિક રીતે અને કોઈપણ જાતના દબાણ કે ધાક ધમકી વગર ગુનાની કબુલાત કરેલ તેમજ ગુન્હા કબુલાતની પુરશીશ આપીને પોતાને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પુરતા કારણો હોવાનું જણાવેલછે આરોપીઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ તેઓ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોઈ ગુના કબુલાતની પુરશીશ રેકર્ડે આવેલ છે.

(૩) આરોપી સામે ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનાનું તહોમત છે. તેમજ આરોપીની કબુલાત પુરશીશ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો ઘ્યાને લેતાં આરોપી ગરીબ અને મઘ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ તે કુટુંબના એક માત્ર કમાનાર સભ્ય છે, તેના શીરે કુટુંબના ભરણપોષણની જવાબદારી છે, તેઓનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવતા હોય, આથી જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.

(૪) આમ, આરોપીની સ્થિતિ, સંજોગો વગેરે ઘ્યાને લેતા આરોપીને કાયદામાં ઠરાવેલ ન્યુનતમ સજા અને દંડ કરવા માટે વ્યાજબી કારણો જણાતા હોય, ત.ક. અમલદાર તથા આરોપીઓને સજા અંગે સાંભળ્યા બાદ નીચે મુજબનો હુકમ કરું છું.

**:: આખરી હુકમ ::**

(૧) આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષા પાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે, અને આરોપીને પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) ના ગુના દરેક આરોપીને માટે રૂા.૨૦૦/– દંડ અને કોર્ટ ઉઠતાંસુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ કુલ દંડ રૂા.૨૦૦/– જમા કરાવવા.

(૩) મુદામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ અંગે નિયમોનુસાર કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ ૧૪મીં માહે સપ્ટેમ્બર સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી લોક અદાલત સ્પેશલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ,
તા.૧૪/૦૯/૨૦૨૪.

**(વિપિન કુમાર બંસલ)**
૪૦ મા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર,
**જી.જે.૦૧૨૩૩.**